MCX
મેટલ અને એનર્જી
વિશ્વાસ સાથે વેપાર

**એમસીએક્સ ડેઈલી રિપોર્ટ...**

# એમસીએક્સ પર સોનામાં રૂ.૪,૧૩૨ કરોડ અને ચાંદીમાં રૂ.૯૯૪ કરોડનાં કામકાજ: વાયદાના ભાવમાં ધીમો સુધારો

## બિનલોહ ધાતુઓમાં સીસામાં દોઢગણાં કામકાજ: કૃષિચીજોમાં એકંદરે સુસ્તી: કોમડેક્સ ૧૦.૩૩ પોઈન્ટ ઘટી ૨૭૩૬.૦૨

મુંબઈ, તા.૩૦

વીતેલા દિને એમસીએક્સ પર ૫,૩૧,૦૨૪ સોદામાં રૂ.૩૫,૦૮૪.૨૨ કરોડનું વોલ્યુમ થયું હતું, જે તેની પૂર્વેના દિને રૂ.૩૫,૪૨૪.૮૪ કરોડનું હતું. વીતેલા દિનના કુલ વોલ્યુમમાં સોના-ચાંદીનો હિસ્સો રૂ.૧૪,૮૨૨.૨૪ કરોડનો હતો. સોનામાં રૂ.૧૦,૭૨૧.૪૪ કરોડ અને ચાંદીમાં રૂ.૪,૧૦૦.૮૦ કરોડના વેપાર થયા હતા. ક્રૂડ તેલમાં રૂ.૮,૫૬૭.૩૧ કરોડનાં ૨,૩૫,૬૫,૩૦૦ બેરલ્સનો ધંધો થયો હતો. મિની જસતમાં રૂ.૧૫૪.૬૭ કરોડનાં ૧૬,૮૮૮ ટન અને મિની સીસામાં રૂ.૧૪૧.૫૪ કરોડનાં ૧૫,૦૪૯ ટનનાં કામ થયાં હતાં.

સાંજે પાંચ વાગ્યા સુધીના પ્રથમ સત્રમાં એમસીએક્સ પર આજે ગઈકાલના રૂ.૧૨,૩૮૦.૩૮ કરોડનાં કામકાજની સરખામણીએ ૧,૯૯,૦૭૦ સોદામાં રૂ.૧૨,૧૪૫.૪૪ કરોડનું કામકાજ થયું હતું, જેમાં સોના-ચાંદીનો હિસ્સો રૂ.૫,૧૨૭.૪૧ કરોડનો હતો.

આજે સોનામાં ઠીક-ઠીક પ્રમાણમાં વિશ્વાસ વધતાં કામકાજ પણ વધ્યાં હતાં. આજે ૩૫,૯૯૯ સોદામાં રૂ.૪,૧૩૨.૬૨ કરોડનાં ૨૩,૨૧૮ કિલોનો વેપાર થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૩૧,૬૨૩ કિલો હતો. ચાલુ વાયદામાં ૧૬,૪૧૪ સોદામાં રૂ.૩,૭૧૧.૭૪ કરોડનાં ૨૦,૮૫૩ કિલોનો ધંધો થયો હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૨૫,૪૩૫ કિલો હતો. મિની વાયદામાં ૧૭,૨૫૦ સોદામાં રૂ.૪૧૫.૭૫ કરોડનાં ૨,૩૩૬ કિલોના વેપાર સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૬,૦૬૦ કિલો હતો. ગિનીમાં ૨,૩૩૫ સોદામાં રૂ.૫.૧૩ કરોડની ૨૯ કિલો ગિનીનો ધંધો થયો હતો, જે લગભગ ગઈકાલ જેટલો જ હતો. ઓપન ઈન્ટરેસ્ટ ૧૨૮ કિલો હતો. સોનાના એકાદ-બે વાયદાની નરમાઈને અપવાદરૂપ ગણતા સોનામાં આજે એકંદરે સુધારાનું વલણ હતું. ચાલુ વાયદામાં ઓગસ્ટ વાયદો એકમાત્ર રૂ.૩ જેવો નજીવો ઘટી રૂ.૧૭,૭૫૯ બંધ હતો, પણ તે સિવાયના ઓક્ટોબર રૂ.૧૫ વધી રૂ.૧૭,૮૬૯, ડિસેમ્બર રૂ.૩૨ વધી રૂ.૧૭,૯૬૧ અને ફેબ્રુઆરી-૧૧નો વાયદો રૂ.૧૧ વધી રૂ.૧૮,૦૧૪ના ભાવ રહ્યા હતા. મિની વાયદામાં ઓગસ્ટ રૂ.૧૭ ઘટી રૂ.૧૭,૭૪૭ રહ્યો હતો, પણ તે સિવાય સપ્ટેમ્બર રૂ.૧૨ વધી રૂ.૧૭,૮૪૫ અને ઓક્ટોબર રૂ.૧૩ વધી રૂ.૧૭,૮૮૬ બંધ હતા. ગિનીના ત્રણેય વાયદા રૂ.૪થી રૂ.૧૮ જેટલા વધ્યા હતા. ગિનીનો જુલાઈ વાયદો રૂ.૧૮ વધી રૂ.૧૪,૨૩૩, ઓગસ્ટ રૂ.૧૦ વધી રૂ.૧૪,૩૭૭ અને સપ્ટેમ્બર રૂ.૪ વધી રૂ.૧૪,૪૩૭ રહ્યા હતા.

ચાંદીના વેપારમાં આજે મોટો ઘટાડો હતો. આજે ૧૭,૮૦૭ સોદામાં રૂ.૯૯૪.૭૯ કરોડની ૩૫૧.૯૧૫ ટન ચાંદીનાં કામ થયાં હતાં, જે ગઈકાલે રૂ.૧,૩૫૯.૦૨ કરોડની ૪૮૦.૩૨૦ ટન ચાંદીનાં થયાં હતાં. આજે ઓપન ઈન્ટરેસ્ટ ૯૮૪.૫૪૫ ટનનો હતો. ચાંદીનાં ચાલુ વાયદામાં ૭,૩૫૨ સોદામાં રૂ.૮૧૫.૭૫ કરોડની ૨૮૮.૬૦૦ ટન ચાંદીનાં કામ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૮૧૨.૬૧૦ ટન અને મિની વાયદામાં ૧૦,૪૫૫ સોદામાં રૂ.૧૭૯.૦૪ કરોડની ૬૩.૩૧૫ ટનના વેપાર સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧૭૧.૯૩૫ ટનનો હતો. ચાંદીના બધા વાયદામાં આજે ધીમી ગતિનો સુધારો હતો. ભાવ રૂ.૩થી રૂ.૪૫ની રેન્જમાં વધ્યા હતા. ચાલુ વાયદામાં સપ્ટેમ્બર રૂ.૩ વધી રૂ.૨૮,૨૭૪, ડિસેમ્બર રૂ.૭ વધી રૂ.૨૮,૪૧૧ અને માર્ચ-૧૧નો વાયદો રૂ.૪૫ વધી રૂ.૨૮,૫૩૨ રહ્યા હતા. મિની વાયદામાં ઓગસ્ટ રૂ.૬ વધી રૂ.૨૮,૨૭૮, નવેમ્બર રૂ.૭ વધી રૂ.૨૮,૪૧૩, માર્ચ-૧૧ રૂ.૩૧ વધી રૂ.૨૮,૫૯૩ અને એપ્રિલ-૧૧નો વાયદો રૂ.૬ વધી રૂ.૨૮,૬૭૨ના ભાવ રહ્યા હતા.

બિનલોહ ધાતુઓમાં તાંબુ અને નિકલ ઘટ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ અને સીસામાં સુધારો હતો. જસતના વાયદામાં મિશ્ર વલણ હતું. તાંબાના બંને વાયદા રૂ.૧.૬૫થી રૂ.૧.૮૫, નિકલના ત્રણેય વાયદા રૂ.૪થી રૂ.૫.૨૦ની રેન્જમાં ઘટ્યા હતા. એલ્યુમિનિયમના ત્રણેય વાયદા રૂ.૧.૨૫થી રૂ.૨.૨૦ જેટલા વધ્યા હતા. સીસાના મિની સહિતના બધા વાયદા ૨૫થી ૭૦ પૈસા સુધર્યા હતા. મિની સહિતના જસતના વાયદામાં ૫થી ૧૫ પૈસા જેટલી નજીવી વધઘટ હતી. આજે બિનલોહ ધાતુઓમાંથી સીસામાં ધમધોકાર કામકાજ -ગઈકાલ કરતાં દોઢાથી વધુ- થયાં હતાં. તાંબામાં રૂ.૨,૦૭૫.૦૬ કરોડનાં ૬૧,૮૯૦ ટન, નિકલમાં રૂ.૯૨૮.૩૭ કરોડનાં ૯,૬૮૨ ટન, એલ્યુમિનિયમમાં રૂ.૨૮૫.૩૧ કરોડનાં ૨૯,૧૦૦ ટન, સીસામાં રૂ.૭૪૫.૯૬ કરોડનાં ૭૯,૩૬૦ ટન, મિની સીસામાં રૂ.૮૭.૨૧ કરોડનાં ૯,૨૭૯ ટન, જસતમાં રૂ.૬૫૫.૦૫ કરોડનાં ૭૧,૭૪૦ ટન અને મિની જસતમાં રૂ.૯૫.૬૦ કરોડનાં ૧૦,૪૬૧ ટનનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ તાંબામાં ૪૭,૫૦૧ ટન, કલાઈમાં ૨.૫ ટન, નિકલમાં ૩,૪૦૨.૨૫૦ ટન, એલ્યુમિનિયમમાં ૧૬,૯૨૦ ટન, સીસામાં ૪૩,૮૧૫ ટન, મિની સીસામાં ૬,૦૯૭ ટન, જસતમાં ૩૭,૨૪૦ ટન અને મિની જસતમાં ૫,૮૭૪ ટનનો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં કામકાજ સાધારણ વધી ૨૫,૨૦૨ સોદામાં રૂ.૧,૭૭૭.૭૧ કરોડનાં ૪૮,૮૯,૮૦૦ બેરલ્સનું થયું હતું અને ઓપન ઈન્ટરેસ્ટ ૨૪,૪૧,૩૦૦ બેરલ્સના સ્તરે રહ્યો હતો. ।જે ક્રૂડ તેલના વાયદા ઢીલાં હતાં. ક્રૂડ ઓગસ્ટ વાયદો રૂ.૨૭ ઘટી રૂ.૩,૬૨૫, સપ્ટેમ્બર રૂ.૨૬ ઘટી રૂ.૩,૬૫૯, ઓક્ટોબર રૂ.૧૯ ઘટી રૂ.૩,૬૯૬, નવેમ્બર રૂ.૧૧ ઘટી રૂ.૩,૭૩૬ અને ડિસેમ્બર રૂ.૩ ઘટી રૂ.૩,૭૬૬ રહ્યા હતા. બ્રેન્ટ ક્રૂડ તેલમાં ૯૦૦ બેરલ્સનાં કામકાજ વચ્ચે ઓગસ્ટ વાયદો રૂ.૧૬ ઘટી રૂ.૩,૫૮૧ રહ્યો હતો. જોકે, આ તરફ નેચરલ ગેસમાં રૂ.૧૫૦.૯૯ કરોડનાં ૬૬,૬૨,૫૦૦ એમએમબીટીયૂનું કામકાજ થયું હતું અને ભાવમાં સુધારો રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો રૂ.૧.૫૦ વધી રૂ.૨૨૬.૪૦ થયો હતો.

કૃષિ, તેલ-તેલીબિયાં અને અન્ય ચીજોના વાયદામાં ચણા-દિલ્હીમાં રૂ.૭.૧૬ કરોડનાં ૩,૧૬૦ ટનનું સારું કામકાજ થયું હતું અને ઓપન ઈન્ટરેસ્ટ ૧૭,૯૧૦ ટન રહ્યો હતો. ચણાના વાયદા રૂ.૪૦થી વધુ તૂટ્યા હતા. એકમાત્ર નવેમ્બર વાયદો રૂ.૫૭ વધી રૂ.૨,૪૦૦ બંધ થયો હતો. ચણાના અન્ય વાયદામાં ઓગસ્ટ રૂ.૪૬, સપ્ટેમ્બર રૂ.૪૯ અને ઓક્ટોબર રૂ.૫૧ ઘટી અનુક્રમે રૂ.૨,૨૩૬, રૂ.૨,૨૮૧ અને રૂ.૨,૩૩૫ બંધ થયા હતા. આ સિવાય રિફાઈન્ડ સોયાતેલમાં કામકાજ ઘટી રૂ.૨૧.૬૪ કરોડનાં ૪,૪૪૦ ટન, સીપીઓમાં રૂ.૩૭.૪૨ કરોડનાં ૯,૫૫૦ ટન, એલચીમાં રૂ.૩.૧૬ કરોડનાં ૨૮ ટનનું થયું હતું. રિફાઈન્ડ સોયાતેલ વાયદા ઘટીને બંધ રહ્યા હતા. રિફાઈન્ડ સોયાતેલ ઓગસ્ટ વાયદો રૂ.૪.૭૦ ઘટી રૂ.૪૮૩.૫૦ થયો હતો. સીપીઓ વાયદામાં મિશ્ર વલણ જોવાયું હતું. સીપીઓ જુલાઈ વાયદો ૨૦ પૈસા વધી રૂ.૩૯૮.૫૦ સામે ઓક્ટોબર રૂ.૮.૮૦ ઘટી રૂ.૩૮૬.૮૦ થયો હતો. ગઈકાલની સરખામણીમાં એલચીના ભાવમાં પ્રત્યાઘાતી ઘટાડો જોવાયો હતો. એલચી ઓગસ્ટ રૂ.૫૯ ઘટી રૂ.૧,૪૧૫.૭૦, સપ્ટેમ્બર રૂ.૫૧.૫૦ ઘટી રૂ.૧,૨૩૬.૮૦, નવેમ્બર રૂ.૪૪.૩૦ ઘટી રૂ.૧,૦૬૩.૯૦ બંધ થયો હતો.

બટેટામાં ગઈકાલ કરતાં કામકાજ સાધારણ ઘટી રૂ.૫૫.૭૦ કરોડનાં ૧,૪૭,૪૨૦ ટનનું થયું હતું અને ઓપન ઈન્ટરેસ્ટ ૧,૭૦,૧૩૦ ટનનો હતો. બટેટાના બધા વાયદા રૂ.૧૫થી વધુ નરમ થયા હતા. બટેટા ઓગસ્ટ રૂ.૧૫.૩૦, સપ્ટેમ્બર રૂ.૧૫.૪૦ અને ઓક્ટોબર રૂ.૧૫.૬૦ ઘટી અનુક્રમે રૂ.૩૬૭.૩૦, રૂ.૩૭૦.૫૦ અને રૂ.૩૭૩.૭૦ બંધ થયા હતા. મેન્થા તેલમાં રૂ.૮૫.૨૫ કરોડનાં ૧,૧૯૭ ટન, ગુવારસીડમાં ૪૦૦ ટન, મકાઈમાં ૧૩૦ ટન અને જવમાં રૂ.૪.૯૨ કરોડનાં ૪,૩૧૦ ટનનાં કામકાજ થયાં હતાં. મેન્થા તેલ રૂ.૫થી રૂ.૮.૪૦ની રેન્જમાં નરમ હતું. મેન્થા તેલ જુલાઈ વાયદો રૂ.૬૮૦.૮૦ બંધ રહ્યો હતો.

કોમડેક્સ આજે ૧૦.૩૩ પોઈન્ટ ઘટી ૨૭૩૬.૦૨ બંધ હતો. અંતર્ગત આંકો બધા ઢીલા હતા. મેટલ ઈન્ડેક્સ ૧.૮૮ પોઈન્ટ ઘટી ૩૩૦૧.૬૬, એનર્જી ઈન્ડેક્સ ૧૩.૭૨ પોઈન્ટ ઘટી ૨૬૭૨.૪૩ અને એગ્રી ઈન્ડેક્સ ૨૨.૫૨ પોઈન્ટ ઘટી ૨૨૭૯.૧૫ બંધ હતા.

દાવાત્યાગ : આ રિપોર્ટ ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.

MCX
મેટલ અને એનર્જી
વિશ્વાસ સાથે વેપાર

## એમસીએક્સના વાયદાના ભાવ

| કોમોડિટી | પાકતી તારીખ | ખૂલી | વધી | ઘટી | બંધ | વધઘટ |
|---|---|---|---|---|---|---|
| ગોલ્ડ-ગિની | ૩૧-૦૭-૧૦ | ૧૪૧૮૪.૦૦ | ૧૪૨૫૫.૦૦ | ૧૪૧૭૦.૦૦ | ૧૪૨૩૩.૦૦ | ૧૮.૦૦ |
| સોનું-મિની | ૦૫-૦૮-૧૦ | ૧૭૭૭૭.૦૦ | ૧૭૭૮૦.૦૦ | ૧૭૭૨૪.૦૦ | ૧૭૭૪૭.૦૦ | -૧૭.૦૦ |
| સોનુ | ૦૫-૦૮-૧૦ | ૧૭૭૫૦.૦૦ | ૧૭૭૯૫.૦૦ | ૧૭૭૦૪.૦૦ | ૧૭૭૫૯.૦૦ | -૩.૦૦ |
| ચાંદી-મિની | ૩૧-૦૮-૧૦ | ૨૮૩૦૦.૦૦ | ૨૮૩૫૦.૦૦ | ૨૮૨૧૦.૦૦ | ૨૮૨૭૮.૦૦ | ૬.૦૦ |
| ચાંદી | ૦૪-૦૯-૧૦ | ૨૮૨૪૦.૦૦ | ૨૮૩૫૦.૦૦ | ૨૮૨૦૫.૦૦ | ૨૮૨૭૪.૦૦ | ૩.૦૦ |
| તાંબુ | ૩૧-૦૮-૧૦ | ૩૩૭.૦૫ | ૩૩૭.૦૫ | ૩૩૩.૭૦ | ૩૩૫.૫૫ | -૧.૮૫ |
| નિકલ | ૩૦-૦૭-૧૦ | ૯૫૭.૪૦ | ૯૬૦.૮૦ | ૯૪૮.૬૦ | ૯૫૫.૧૦ | -૪.૦૦ |
| એલ્યુમિનિયમ | ૩૦-૦૭-૧૦ | ૯૬.૪૫ | ૯૯.૧૦ | ૯૬.૧૫ | ૯૮.૮૫ | ૨.૨૦ |
| સીસું | ૩૦-૦૭-૧૦ | ૯૩.૪૫ | ૯૪.૮૦ | ૯૨.૮૦ | ૯૪.૫૫ | ૦.૭૦ |
| સીસુ-મિની | ૩૦-૦૭-૧૦ | ૯૩.૫૫ | ૯૪.૮૦ | ૯૨.૭૫ | ૯૪.૫૫ | ૦.૭૦ |
| જસત-મિની | ૩૦-૦૭-૧૦ | ૯૦.૯૦ | ૯૧.૪૦ | ૮૯.૮૫ | ૯૧.૧૦ | -૦.૧૫ |
| જસત | ૩૦-૦૭-૧૦ | ૯૦.૯૦ | ૯૧.૪૦ | ૮૯.૯૦ | ૯૧.૧૦ | -૦.૧૦ |
| ક્રૂડ તેલ | ૧૯-૦૮-૧૦ | ૩૬૫૨.૦૦ | ૩૬૫૨.૦૦ | ૩૬૨૧.૦૦ | ૩૬૨૫.૦૦ | -૨૭.૦૦ |
| બ્રેન્ટ ક્રૂડ તેલ | ૧૦-૦૮-૧૦ | ૩૬૦૦.૦૦ | ૩૬૦૦.૦૦ | ૩૫૬૩.૦૦ | ૩૫૮૧.૦૦ | -૧૬.૦૦ |
| નેચરલ ગેસ | ૨૬-૦૮-૧૦ | ૨૨૫.૪૦ | ૨૨૬.૯૦ | ૨૨૫.૪૦ | ૨૨૬.૪૦ | ૧.૫૦ |
| રિફા. સોયા તેલ | ૧૪-૦૮-૧૦ | ૪૯૦.૫૫ | ૪૯૦.૮૦ | ૪૮૩.૫૦ | ૪૮૩.૫૦ | -૪.૭૦ |
| સીપીઓ | ૩૧-૦૭-૧૦ | ૩૯૯.૦૦ | ૩૯૯.૧૦ | ૩૯૭.૮૦ | ૩૯૮.૫૦ | ૦.૨૦ |
| ચણા-દિલ્હી | ૨૦-૦૮-૧૦ | ૨૨૭૦.૦૦ | ૨૨૮૦.૦૦ | ૨૨૩૨.૦૦ | ૨૨૩૬.૦૦ | -૪૬.૦૦ |
| એલચી | ૧૪-૦૮-૧૦ | ૧૪૩૦.૪૦ | ૧૪૩૦.૪૦ | ૧૪૧૫.૭૦ | ૧૪૧૫.૭૦ | -૫૯.૦૦ |
| બટેટા-આગ્રા | ૧૪-૦૮-૧૦ | ૩૯૨.૦૦ | ૩૯૨.૦૦ | ૩૬૭.૩૦ | ૩૬૭.૩૦ | -૧૫.૩૦ |
| મેન્થા તેલ | ૩૧-૦૭-૧૦ | ૬૮૯.૦૦ | ૬૯૨.૧૦ | ૬૭૫.૧૦ | ૬૮૦.૮૦ | -૮.૪૦ |
| કપાસ | ૩૦-૦૪-૧૧ | ૬૩૦.૦૦ | ૬૩૦.૦૦ | ૬૩૦.૦૦ | ૬૩૦.૦૦ | ૩.૫૦ |
| ગુવારસીડ | ૨૦-૦૮-૧૦ | ૨૩૧૮.૦૦ | ૨૩૨૦.૦૦ | ૨૨૫૨.૦૦ | ૨૨૫૯.૦૦ | -૩૧.૦૦ |
| મકાઈ | ૨૦-૦૮-૧૦ | ૧૧૧૭.૦૦ | ૧૧૧૭.૦૦ | ૧૧૧૭.૦૦ | ૧૧૧૭.૦૦ | ૯.૦૦ |
| બદામ | ૩૦-૦૯-૧૦ | ૩૩૫.૦૦ | ૩૩૫.૦૦ | ૩૨૮.૦૦ | ૩૩૧.૫૦ | ૧.૫૦ |
| ઘઉં | ૨૦-૦૮-૧૦ | ૧૨૩૫.૦૦ | ૧૨૩૫.૦૦ | ૧૨૩૫.૦૦ | ૧૨૩૫.૦૦ | -૧૦.૦૦ |
| જવ | ૨૦-૦૮-૧૦ | ૧૧૩૦.૦૦ | ૧૧૩૦.૦૦ | ૧૧૧૬.૦૦ | ૧૧૨૨.૬૦ | -૨.૦૦ |

દાવાત્યાગ : આ રિપોર્ટ/ભાવકોપી ફક્ત સામાન્ય જાણકારી આપવાના ઉદ્દેશથી બનાવાયો છે, જોકે એક્સચેન્જે વાસ્તવિક જાણકારી આપવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો છે. આ રિપોર્ટ એ શરતે ઉપલબ્ધ છે કે આમાં રહેલી કોઈ ભૂલચૂકને દાવા, માગ કે કાનૂની કાર્યવાહી માટે આધાર બનાવી શકાશે નહી. * ટર્નઓવરનો આંકડો ગઈકાલ રાતના અને આજના દિવસના સત્રનો સંયુક્ત છે.